# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૩/૦૪/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા નવી સિવિલ હોસ્પિટલમાં સેવા યજ્ઞ શરૂ થયો.

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપક્રમે કોવીડની મહામારીના સમયે કામદારોને અને ખાસ કરીને જરૂરિયાતમંદોને સગવડ મળી રહે તે હેતુથી સેવા યજ્ઞની શરૂઆત કરવામાં આવી છે.

આ સેવા યજ્ઞના પ્રથમ તબક્કામાં નવી સિવિલ હોસ્પિટલના તમામ ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને ચોથા વર્ગના કર્મચારીઓ એમ કુલ ૭૦૦થી વધુ વ્યક્તિઓને સવારે ૮:૩૦ કલાકે અને બપોરે ૩:૩૦ કલાકે નાસ્તો - પાણી - છાસની વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજા તબક્કામાં સ્મીમેર હોસ્પિટલમાં પણ આ જ પ્રમાણે સેવા યજ્ઞ બે દિવસમાં શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલના કમ્પાઉન્ડમાં સ્ટોલ પરથી સમગ્ર દિવસ દરમ્યાન જરૂરિયાતમંદોને ખાસ કરીને ૧૦૮ તેમજ એમ્બ્યુલન્સના ડ્રાયવરો અને સ્ટાફને આ જ પ્રમાણે નાસ્તો - પાણી - છાસનું વિતરણ વિના મૂલ્યે કરવામાં આવશે.

આ સેવા યજ્ઞમાં ચેમ્બરની સહયોગી સંસ્થા તરફથી ૧૧ લાખ, કલરટેક્ષ ગ્રુપ તરફથી ૫ લાખ, કિરણ જેમ્સ તરફથી ૫ લાખ, શ્રી લવજીભાઈ બાદશાહ તરફથી રૂ. ૨ લાખ, એસ.આર.કે. ગ્રુપ, ધર્મનંદન ડાયમંડ, શ્રી પ્રદિપ સિંઘી, ફેરડીલ ગ્રુપ, રચના ગ્રુપ, સંગીની ગ્રુપ, લક્ષ્મીપતિ ગ્રુપ,

પ્રતિભા ગ્રુપ તમામ તરફથી રૂ. ૧ લાખ, શ્રી નાગજીભાઈ સાકરિયા, શ્રી વીવજીભાઈ પાલડીયા, શ્રી ભરતભાઈ કથીરિયા, શ્રી ભવાનભાઈ વઘાસીયા, જે. બી. એન્ડ બ્રધર્સ, શીતલ ડાયમંડ તમામ તરફથી રૂ. ૫૦ હજારનો સહયોગ પ્રાપ્ત થયો છે.

સુરતના તમામ ઔદ્યોગિક એસોસીએશનો, જાહેર સંસ્થાઓ, બેંકોને આ સેવા યજ્ઞમાં આર્થિક રીતે સહયોગ આપવા માટે હાર્દિક અપીલ કરવામાં આવે છે. દાન-સહયોગ માટે સંપર્ક : માનદ્ મંત્રી શ્રી નિખિલ મદ્રાસી - ૯૮૨૫૪૭૨૯૦૮